**<u>ફોજદારી કેસ નં.</u>**

**<u>–: અંક–૧ લગત હુકમ :–</u>**

**૧.** આ કામે આરોપી સામે ઈ.પી.કોડની ક.૫૦૬ વિ. મુજબની ફરીયાદની તપાસના અંતે ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે, આ કામે લાંબા સમયથી ફરીયાદપક્ષ/પોલીસ આરોપી સામેના તેમજ જામીનદારની પ્રોસેસ ની બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે, વાંરવાર વોરંટ કાઢવા છતાં, આરોપીને પ્રોસેસ બજાવી હાજર કરી શકાયેલ નથી. જેથી કેસની કાર્યવાહી આગળ ચાલી શકેલ નથી.

**૨.** ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસીસ ઑથૉરીટીએ પરીપત્ર ધ્વારા તા.૧૧/૦૯/૨૦૨૧ના રોજ સ્પેશીયલ સીટીગનું આયોજન કરી, પડતર બિનઅસરકારક કેસોનો નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે. આ તબકકે ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ : ૨૫૮ વંચાણે લેવી જરુરી જણાય છે. જે નીચે મુજબ છે.

**<u>કલમ :– ૨૫૮, કેટલાંક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા.</u>**

> **ફરિયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયનાં કોઈ **સમન્સ–કેસ**માં પ્રથમ વગના મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટની પુર્વમંજુરી થી અન્ય કોઈ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને **કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મકત કરવામાં આવે, તેવી અસર થશે.

**૩.** આમ આ કલમ વંચાણે લેતાં સ્પષ્ટ છે કે, ફરિયાદ પરથી દાખલ થયેલાં હોય, તે સિવાયનાં કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો ભોગબનનારે કોઈપણ દબાણ વિના સ્વૈચ્છિક રીતે હાલની ફરીયાદના કમ્પાઉન્ડની અરજી આપે તો ક્રિ.પ્રો.કોડની ક.૩૨૦ હેઠળ પરવાનગી આપી શકાય છે, અને આ કેસમાં ઈ.પી.કોડની ક.૫૦૬ ના ગુનાનો આરોપ છે, પરંતુ તહોમતનામાના આક્ષેપો ધ્યાને લેતા સદર ગુનાહિત ધમકી મૃત્યુ નિપજાવાની કે મહાવ્યથા કરવા કે આગથી કોઈ મિલ્કતનો નાશ કરવા અથવા દેહાતદંડ કે આજીવન કેદ કે સાત વર્ષ સુધીની સજાની જોગવાઈ હોય તેવો ગુન્હો કરવા અથવા કોઈ સ્ત્રી પર ચારિત્રહિનતાના આક્ષેપ અંગે આપવામાં આવે તો જ આ ગુનો સાત વર્ષ સુધીની સજાને પાત્ર ગણી શકાય અન્યથા બે વર્ષ સુધીની સમન્સ ટ્રાયેબલ ગુનો ગણી શકાય, આ કેસમાં તહોમતનામાના આક્ષેપો ધ્યાને લેતા તે ઈ.પી.કોડ ક.૫૦૬(૨)ના વ્યાપમાં સાત વર્ષ સુધીની સજાને પાત્ર હોવાનું પ્રથમદર્શનીય જણાતું નથી, વળી આરોપી–ફરીયાદીને સમન્સ/વોરન્ટ કરતા લાંબા સમયથી મળી આવતા નથી, આ સંજોગોમાં બન્નેમાંથી એકેય પક્ષકારને કેસ આગળ ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી તેમજ નજીકના ભવિષ્યમાં પણ ફરીયાદી કે આરોપી મળી આવે તેવા કોઈ સંજોગો જણાતા નથી .ઉપરોકત આપેલા તારણોનુસાર સમન્સ ટ્રાયેબલ ગુનાનો કેસ જણાતો હોય, આ સંજોગોમાં ના.હાઈકોર્ટ તેમજ ના.સુપ્રિમ કોર્ટના આદેશ અને માર્ગદર્શન અન્વયે આવા નજીવા કેસોમાં જો ટ્રાયલ

શકય ન હોય તો તેની કાર્યવાહી પડતી મુકવા જોઈશે. જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છૂટકારાથી બિન–તહોમત મુકત કરવામાં આવે એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુકત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુકત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૩૦૦ (૧) અને (૫) નો બાધ આવશે નહિ. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રિવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

૪. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતાં મુદદામાલ અસ્તિત્વમાં કે પેન્ડીંગ ન હોય સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ ગણી શકાય. હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરિયાદ કલમ–૨ (ઘ) પર થી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતાં, આરોપીને પ્રોસેસ કરતા આરોપી જણાવેલ સરનામે મળી ન આવતા હોય કે નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ જણાતુ ન હોય કેસનુ ભારણ બીનજરુરી રીતે કોર્ટને રહેતુ હોય, એવા સંજોગોમા હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવી ન્યાયનાં હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

1. હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ પડતી મુકી, આરોપીને છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.
2. આરોપી ભવિષ્યમાં મળી આવેતો પોલીસ નવેસરની ચાર્જશીટ કરી શકશે.
3. મુદ્દામાલ રોકડ રકમ હોય તો જપ્ત કરી, અપીલ સમય બાદ સરકાર ખાતે જમા કરવી. રોકડ જામીનગીરી હોય તો સરકાર ખાલસા કરવી.
4. પોલીસે જો મુદ્દામાલ વાહન કબજે કરેલ હોય અને તે અંગે જો અગાઉ કરેલ હુકમ કાયમ રાખવામા આવે છે. તે સિવાય મુદદામાલ પેન્ડીંગ હોય તો તેનો નિયમોનુસાર કિાલ કરવો.
5. બીનકીમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

ઉપરોકત હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં ,સ્પેશ્યલ સીટીંગ્સમાં ,વાંચી ,સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪ / ૦૯/ ૨૦૨૪
મુકામ - સુરત

(જે.એસ.જાદવ)
જજ કોડ નં.૧૪૨૪
જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
સેકન્ડ કોર્ટ,સુરત.